# પ્રધાનમંત્રીએ યુક્રેનનાં રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી

23 સપ્ટેમ્બર, 2024

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 23 સપ્ટેમ્બર, 2024ના રોજ ન્યૂયોર્કમાં ભવિષ્યનાં શિખર સંમેલનની સાથે સાથે યુક્રેનનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વોલોદિમીર ઝેલેન્સ્કી સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી.

બંને નેતાઓએ પ્રધાનમંત્રીની તાજેતરની યુક્રેનની મુલાકાતને યાદ કરી હતી અને દ્વિપક્ષીય સંબંધોને સતત મજબૂત કરવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. યુક્રેનની પરિસ્થિતિ તેમજ શાંતિના માર્ગને અનુસરવાનો આગળનો માર્ગ પણ તેમની ચર્ચાઓમાં મુખ્યત્વે જોવા મળ્યો હતો.

3. પ્રધાનમંત્રીએ કૂટનીતિ અને સંવાદ તેમજ તમામ હિતધારકો વચ્ચે જોડાણ મારફતે સંઘર્ષનું શાંતિપૂર્ણ સમાધાન કરવાની તરફેણમાં ભારતનાં સ્પષ્ટ, સાતત્યપૂર્ણ અને રચનાત્મક અભિગમ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ભારત સંઘર્ષનાં સ્થાયી અને શાંતિપૂર્ણ સમાધાન માટે પોતાનાં માધ્યમોની અંદર તમામ સાથસહકાર પ્રદાન કરવા માટે ખુલ્લું છે.

૪. ત્રણ મહિનામાં જ બંને નેતાઓ વચ્ચે આ ત્રીજી મુલાકાત હતી. બંને નેતાઓ ગાઢ સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**ન્યુ યોરક**
**સેપ્ટેમ્બર 23, 2024**